હિંમતનગર રેલવે સ્ટેશનનું લોકાર્પણ કરવાનો તખ્તો તૈયાર

હિંમતનગર, તા. ૧૨

અમદાવાદ-હિંમતનગર વચ્ચે બ્રોડગેજની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે ત્યારે બ્રોડગેજ લાઈન પર આવતા તમામ નાના મોટા રેલવે સ્ટેશનોનું નવીનીકરણ થઈ ચુક્યુ છે. જેથી સાબરકાંઠા જિલ્લાની પ્રજા ટ્રેનસેવા શરૂ થાય તેની કાગડોળે રાહ જોઈ રહી છે. દરમ્યાન તા. ૧૩ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ હિંમતનગર રેલવે સ્ટેશનનું લોકાર્પણ કરવાનો રેલવેતંત્ર દ્વારા તખ્તો ગોઠવાઈ ગયો છે. રેલવે સ્ટેશનની લોકાર્પણ વિધિ સાબરકાંઠાના સાંસદ તથા રેલવેના અધિકારીઓની ઉપસ્થિતિમાં થશે.

આ અંગે રેલવેના પીઆરઓ પ્રદિપ શર્માના જણાવાયા મુજબ અમદાવાદ-હિંમતનગર વચ્ચે બ્રોડગેજ લાઈનનું કામ પૂર્ણ થઈ ગયુ છે. જેથી સ્વાભાવિક છે કે અમદાવાદથી હિંમતનગર વચ્ચે સત્વરે ટ્રેનસેવા શરૂ થાય તે માટે પ્રજાની અપેક્ષા હોય તે સ્વાભાવિક છે. દરમ્યાન સાબરકાંઠાના સાંસદ દિપસિંહ રાઠોડે થોડા સમય અગાઉ રેલવેના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરીને ટ્રેનસેવા સત્વરે શરૂ થાય તે માટે માંગ કરી હતી.

ત્યારબાદ રેલવેના અધિકારીઓ સાથે થયેલી ચર્ચા બાદ હિંમતનગર રેલવે સ્ટેશનનું તા. ૧૩ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ વાગ્યે લોકાર્પણ કરવાનુ નક્કી કરાયુ છે. જે અંગે સાંસદે પણ હકારાત્મક જવાબ આપ્યો છે. જોકે હિંમતનગર રેલવે સ્ટેશનનું લોકાર્પણ થઈ ગયા બાદ અમદાવાદ સુધી વચ્ચે આવતા પ્રાંતિજ, તલોદ, રખીયાલ, દહેગામ, નરોડા અને સરદારનગર રેલવે સ્ટેશન પણ ટ્રેન સેવા શરૂ થશે તે અગાઉ કાર્યરત થઈ જશે અને તે રેલવે સ્ટેશનો પર જરૂરી કર્મચારીઓ પણ ફરજ બજાવતા થઈ જશે.

અમદાવાદ-હિંમતનગર વચ્ચે મીટરગેજ લાઈન પરની ટ્રેનો બંધ થયા બાદ રેલવે સ્ટેશન પર રિઝર્વેશનની કામગીરી ચાલુ રખાઈ હતી. તેમ છતાં આગામી દિવસોમાં રેલવેતંત્ર દ્વારા અમદાવાદથી ઉદેપુર થઈ દિલ્હી સુધીની ટ્રેનસેવા શરૂ થયા બાદ લોકોને દિલ્હી કે ઉત્તર ભારતના અન્ય સ્થળે જવા માટે અમદાવાદ અથવા મહેસાણા જવુ નહી પડે.

રેલવે પીઆરઓના જણાવાયા મુજબ પ્રથમ તબક્કામાં શરૂ થનારી અમદાવાદ-હિંમતનગર વચ્ચે અગાઉ જે ટ્રેનો ચાલતી હતીતે ચાલુ રહી શકે છે. જોકે અમદાવાદ-ઉદેપુર મેલને ચાલુ રખાશે તો તે હિંમતનગર સુધી દોડશે એમ આધારભુત સુત્રોમાંથી જાણવા મળ્યું છે. બીજા તબક્કામાં અમદાવાદથી ઉદેપુર વચ્ચેની બ્રોડગેજ લાઈનનું કામ પૂર્ણ થયા બાદ ટ્રેનસેવા શરૂ થશે.

ઈડરના વિજયનગર ત્રણ રસ્તા પાસેથી ૨૨૮ કિલો પોષડોડા પકડાયા

સાબરકાંઠા એલસીબીએ બાડમેરના શખ્સને કાર સાથે ઝડપી લીધો

હિંમતનગર, તા. ૧૨

ઈડર તાલુકાના વિજયનગર ત્રણ રસ્તા પાસેથી સાબરકાંઠા એલસીબીએ બાતમીને આધારે બુધવારે વહેલી સવારે એક નંબર વગરની કારમાં પાસ પરમીટ વિના લઈ જવાતા ૧૨ થેલામંથી અંદાજે રૂ.૩.૫૦ લાખથી વધુના ૨૨૮ કિલો પોષડોડાનો જથ્થો ઝડપી લઈ એનડીપીએસ એક્ટ મુજબ પકડાયેલા શખ્સ વિરૂદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હતો.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા એલસીબીને એવી બાતમી મળી હતી કે એક શખ્સ નંબર વગરની ઈનોવા કારમાં ગેરકાયદે રીતે પોષડોડાનો જથ્થો ભરીને વિજયનગર થઈ રાજસ્થાનના બાડમેર તરફ જઈ રહ્યો હતો જેથી એલસીબીએ બાતમી મળતાની સાથે જ બુધવારે વહેલી સવારે ઈડરથી ખેડબ્રહ્મા જતા વિજયનગર ત્રણ રસ્તા પર નાકાબંધી કરીને વાહનોનું ચેકીંગ શરૂ કરી દીધુ હતુ. દરમિયાન બાતમી મુજબ વિજયનગર તરફથી આવી રહેલ નંબર વગરની ઈનોવા કારને રોકી લીધી હતી.

ત્યારબાદ પોલીસે તેમાં તપાસ કરતા કારમાંથી ૧૯ કિલો કરતા વધુના ૧૨ થેલા મળી આવ્યા હતા જેથી પોલીસે કાર લઈને જઈ રહેલ ભારૂરામ જોગારામ જાટની પૂછપરછ હાથ ધરી હતી પરંતુ ઈનોવાના ચાલકે પોલીસ સમક્ષ કોઈ સંતોષકારક ખુલાસો ન કરતા પોલીસે અંદાજે રૂ. ૩.૫૦ લાખથી વધુના ૨૨૮ કિલો પોષડોડાના થેલા કબ્જે લીધા હતા. ત્યારબાદ મુદ્દામાલ સાથે બારૂરામ જાટની અટકાયત કરી એનડીપીએસ એક્ટ મુજબ તેની વિરૂદ્ધ બુધવારે મોડી સાંજે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

તલોદમાં દુંદાળાદેવની ભાવભિની વિદાય

તલોદમાં સતત દસ દિવસથી પાર્વતી પુત્રની ભક્તિમય માહોલમાં મહારાષ્ટ્ર જેવો માહોલ જોવા મળ્યો હતો. શેરીઓ, સોસાયટીઓ અને જાહેર માર્ગોથી માંડી અનેક ઘરગથ્થુ દુંદાળાદેવની પૂજા-અર્ચનાથી વિઘ્નહર્તાની કૃપા મેળવવા અનેક યુવક મંડળો દ્વારા રાસ-ગરબા, લોકડાયરા, પાર્ટીઓ અને લાણી અને ગિફ્ટોથી આકર્ષિત કરી ભાવિ-ભક્તોની જામતી ભીડોથી નવરાત્રી જેવો માહોલ ઉભો કર્યો હતો. શિવના શ્રીજીની વિદાયગીરીમાં ભક્તો ભાવુક બની મહાઆરતી, સમુહ આરતી અને મહા પ્રસાદીના આયોજન સાથે ટ્રેક્ટર ટ્રોલીમાં રિદ્ધિસિદ્ધિના દાતાને નગરયાત્રા કરાવી ડીજે સાઉન્ડના તાલે આશતબાજીથી અબીલ-ગુલાલથી મગ્ન થઈ ગળાડુબ પાણીમાં અશ્રુભીની આંખોથી ભક્તોએ વિદાય આપી હતી. જોવા ઉમટેલા ટોળેટોળા ભક્તોએ દુંદાળાદેવની જય ઘોષ સાથે ગણપતીબાપા મોરિયા અગલે બરશ જલ્દી આના બુલંદ નારાથી સમગ્ર તલોદ પંથક ગુંજી ઉઠ્યુ હતુ.

ધાનેરા નગરપાલિકામાં વિવિધ સમિતિના ચેરમેનોની નિમણુંક

ધાનેરા, તા. ૧૨

ધાનેરા નગરપાલિકામાં વિવિધ સમિતિના ચેરમને ચાર્જ સાંભળ્યો હતો. ધાનેરાવાસીઓએ પણ ચેરમેનોને શુભકામના પાઠવી હતી, તો બીજી તરફ ચેરમેનોએ પણ તમામ લોકોની તકલીફ દૂર કરવાની અને ધાનેરાનો સારો વિકાશ કરવાની ખાતરી આપી હતી.

ધાનેરા નગરપાલિકામાં વિવિધ સમિતિઓના ચેરમેનોની નિમણુંક થતા આજે તમામ ચેરમેનોએ ચાર્જ સાંભળ્યો હતો, જેમાં બાંધકામ સમિતિનીના ચેરમેન તરીકે જયેશભાઈ સોલંકી, કારોબારી ચેરમેન તરીકે ઈશ્વરભાઈ પટેલની નિમણુંક કરવામાં આવી હતી. જયેશભાઇ સોલંકીએ નાની ઉંમરમાં ધાનેરામાં સારી એવી નામના મેળવી છે અને હંમેશા ધાનેરાવાસીઓના સુખદુઃખમાં ભાગીદાર બન્યા છે. ત્યારે ધાનેરાવાસીઓએ પણ જયેશભાઈ સોલંકીને બે બે વખત ખુબજ બહુમતી સાથે વિજય માળા પહેરાવી છે ત્યારે આજે જયેશભાઇ સોલંકીએ બાંધકામ સમિતિના ચેરમેન તરીકે ચાર્જ સાંભળતા ધાનેરા વાસીઓમાં પણ ખુબજ ખુશીનો માહોલ જોવા મળ્યો હતો તો બીજી તરફ જયેશભાઈ સોલંકીએ પણ ધાનેરાવાસીઓનો આભાર માન્યો હતો અને ધાનેરામાં વિકાશના કામો કરવાની ખાતરી આપી હતી.

ભિલોડાની ટીમ વોલીબોલ સ્પર્ધામાં ઝળકી

શ્રી અરવલ્લી આદિજાતિ વિકાસ એજ્યુકેશન ટ્રસ્ટ ધ્વારા સંચાલિત ભિલોડા શ્રી જ્ઞાન તપોવન વિદ્યા મંદિરની ટીમ ભિલોડા તાલુકા કક્ષાની વોલીબોલ સ્પર્ધામાં અંડર - ૧૪ બહેનો વિભાગમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. ખેલ મહાકુંભ - ૨૦૧૯ અંતર્ગત તાલુકા કક્ષાની વોલીબોલ સ્પર્ધા માતૃશ્રી આર. જે. તન્ના વિદ્યાલય , રામનગર ખાતે યોજાઈ હતી. અંડર -૧૪ બહેનોની ટીમ વિજેતા જાહેર કરાતા જીલ્લા કક્ષાએ પસંદગી પામ્યા હતા. અંડર - ૧૪ ભાઈઓમાં ૬ વિદ્યાર્થીઓ પણ જીલ્લા કક્ષાએ પસંદગી પામ્યા છે. શ્રી અરવલ્લી આદિજાતિ વિકાસ એજ્યુકેશન ટ્રસ્ટ પ્રમુખ પ્રકાશભાઈ સડાતે વિજેતા વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

બાયડ વાત્રક પુલ નજીક એસટી બસે બાઈકને ટક્કર મારતા વાંટડાના ૧૮ વર્ષીય યુવકનું કમકમાટીભર્યું મોત

બાયડ, તા. ૧૨

અરવલ્લી જીલ્લામાં બેફામ ગતિએ હંકારતા વાહનચાલકોને પગલે અકસ્માતની

ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. બાયડ નજીક વાત્રક નદીના પુલ પાસે એસટી બસે બાઈકને અડફેટે લેતા બાઈક સવાર યુવકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે વાત્રક હોસ્પિટલમાં ખસેડાતા સારવાર દરમિયાન મોત નિપજતા ભારે ચકચાર મચી હતી. પરિવારજનોએ આક્રંદ કરી મૂક્યું હતું બાયડ પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બાયડ તાલુકાના વાંટડા ગામનો અને સસ્તા અનાજની દુકાનમાં તોલમાપની હંગામી નોકરી કરનાર યુવકનું અકસ્માતમાં મોત નિપજતા ગરીબ માતા-પિતા પર આભ તૂટી પડ્યું હતું. વાંટડા ગામનો વિકાસ કુમાર મુકેશભાઈ પરમાર (ઉં.વર્ષ-૧૮) નામનો યુવક કામકાજ અર્થે સવારે કામકાજ અર્થે નીકળ્યો હતો. વાત્રક નદીના પુલ નજીક બાયડ તરફથી આવતી બસ (ગાડી.નં. જીજે.૧૮.વાય.૨૪૨૮) ના ડ્રાઈવરે પુરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી બાઈકને ટક્કર મારતા બાઈક ચાલક યુવક વિકાસના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ સારવાર અર્થે વાત્રક હોસ્પિટલમાં ખસેડાતા સારવાર કારગત નીવડે તે પહેલા દમ તોડી દીધો હતો. મૃતક યુવકના પરિવારજનો મોટી સંખ્યામાં દવાખાને પહોંચી આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી.

અકસ્માતના પગલે દોડી આવેલી બાયડ પોલીસે મૃતક યુવકની લાશને પીએમ માટે મોકલી આપી કાળાભાઈ ચતુરભાઈ પરમારની ફરિયાદના આધારે એસટી બસના ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ખેડબ્રહ્મામાં ભવ્ય સમૂહ ગણપતિ વિસર્જન

ખેડબ્રહ્મા શહેર મા ૧૦ દિવસ ગણેશ ની અર્ચના પુજા કરી હવે આજે ચૌદસ સે ગણપતિ નો વિસર્જન કરવાનો દિવસ આવી ગયો ત્યા રે ખેડબ્રહ્મા ની પરંપરા મુજબ બપોરે વિસર્જન ચાલુ થાય અને પહેલા કાશી વિશ્વનાથ ની મુર્તિ આગળ હોય પછી માણેક ચોક અને એના પાછળ બીજા દરેક એરિયા ની મુર્તિ ઓ જુદા જુદા ડી.જે અને વેશભૂષા સાથે આવતા હોય છે આ ભવ્ય આયોજન મા ખેડબ્રહ્મા ની મોટા ભાગ ની જનતા મહિલા નાના બાળકો તથા સહીત જોડાયા છે અને આ કાશી વિશ્વનાથ મંદિર થી માણેક ચોક સીયાદેવી ચોક સરદાર ચોક થઈ પ્રેટોલ પંપ લક્ષ્મીપુરા ચોકડી થઈ કોલેજ જોડે જઈ હરણાવ નદી મા વાજતે ગાજતે દાદા ની મુર્તિ નુ વિસર્જન કરતુ હોત છે. પોલીસ ધ્વારા કોઈ ઈચ્છનીય બનાવ ના બને તેના માટે ખુબજ ચુસ્ત બંદોબસ્ત રાખવા મા આવે છે.

પ્રાંતિજ ખાતે ભાજપ યુવા મોરચા દ્વારા દિગવિજય દિવસની ઉજવણી

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ભાજપ યુવા મોરચા દ્વારા દિગવિજય દિવસની ઉજવણી કરવામાં આવી.

પ્રાંતિજ ખાતે ભાજપ યુવા મોરચા દ્વારા દિગવિજય દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ પાસે આવેલ સ્વામી વિવેકાનંદની બાવળાને ફુલહાર પહેરાવી સ્વામીજી તુમ અમર રહોના નારા સાથે દિગવિજય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ ગીતાબેન પટેલ, ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ, ભાજપ યુવા મોરચાના પ્રમુખ કુશવભાઈ બ્રહ્મભટ્ટ, મહામંત્રી નિકુંજભાઈ રામી, રાજુભાઈ પ્રજાપતિ, જીતુભાઈ રાવળ, નિકુલભાઈ ભોઈ સહિત ભાજપ કાર્યકરો તથા પ્રાંતિજ શેઠ પી એન્ડર હાઈસ્કુલના શિક્ષિકો શાળાના બાળકો સહિત નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

માલપુરના કોઝવે પરથી ધમધસતાં પાણીમાંથી પસાર થતા ત્રણ બાઈકસવાર યુવકો તણાયા

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જીલ્લામાં સાર્વત્રિક વરસાદ થતા જળાશયો અને નદી-નાળા

બે કાંઠે વહી રહ્યા છે. માલપુર પંથકમાં ૩ ઈંચ વરસાદ ખાબતા કોઝવે પર પાણી ફરી વળતા અનેક ગામો સંપર્ક વિહોણા બન્યા હતા. ગોરીયા ગામ નજીક આવેલ કોઝવે પર પાણી ફરી વળતા વાહનવ્યવહાર થંભ્યો હતો બાઈક સવાર ત્રણ યુવકોએ કોઝવે પરથી પસાર થતા પાણીમાં બાઈક સાથે તણાતા સ્થાનિક લોકોએ દોડી જઈ બચાવી લીધા હતા. આ ઘટના અંગેનો વિડીયો વાઈરલ થતા કોઝવેના કિનારે ઉભેલા લોકો "ગાડી ઉડી ગઈ તણાઈ પકડો"ની બૂમો મારતા સ્પષ્ટ સાંભળી રહ્યા છે.

રાજ્યમાં મેઘરાજાએ ધોધમાર હેત વરસાવ્યું છે ચાલુ વર્ષે અનેક વાહન ચાલકો અને લોકો ધમધસતાં પાણીના પ્રવાહમાં તણાયા હોવાની ઘટનાઓ બની છે, કેટલાક વાહનચાલકો જીવના જોખમે અને અન્ય લોકોની જિંદગી જોખમાય તે રીતે કોઝવે પર અને ડીપ પરથી પસાર થતા પાણીમાં વાહન નાખી રોડ પસાર કરવાનું જોખમ લેતા હોય છે.

માલપુર પંથકમાં ભારે વરસાદને લઈને ગોરીયા ગામ નજીક આવેલા કોઝવે પર પાણી ફરી વળતા સ્થાનિક લોકો અને વાહનચાલકો ઉભા રહી ગયા હતા. ત્રણ લબરમૂછિયા યુવકો બાઈક પર કોઝવે પરથી પસાર થતા ધમધમતા પાણીના પ્રવાહમાંથી પસાર થવાનો પ્રયત્ન કરતા પાણીના વહેણમાં બાઈક સાથે ત્રણે યુવકો તણાતા સ્થાનિક લોકોએ ત્રણે યુવકોને બાઈક સાથે બચાવી લેતા સદનસીબે જાનહાની ટળી હતી.

માનવજીવન માટે ઉપયોગી વૃક્ષનું જીવની જેમ જતન કરીએ

ડીસા, તા. ૧૨

ડીસાના વાડિરોડ ખાતે ૭૦માં વન મહોત્સવની ધારાસભ્ય શશીકાંત પંડ્યાની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં ઋષી સમાન વૃક્ષોના જતન ઉપર ભાર મુકાયો હતો.

આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લા નાયબ વન સંરક્ષક બિંદુ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ ઉકાજી વાઘેલા, ડીસા પાલિકા પ્રમુખ શિલ્પાબેન માળી, પ્રકાશભાઈ ભરતીયા, હથિભાઈ વાઘેલા સહિતના આગેવાનો અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નાયબ વન સંરક્ષક બિંદુ પટેલે ગ્લોબલ વોર્મિંગની વર્તમાન પરિસ્થિતિને પહોંચી વળવાનો એક માત્ર વિકલ્પ વૃક્ષ છે તેથી તેની વાવણી સાથે જતન કરવાની આપણી સૌની નૈતિક ફરજ હોવાનું જણાવ્યું હતું અને સરકારના વન મહોત્સવના આયોજનને વધુને વધુ વેગ મળે તે બાબત પર ભાર મુક્યો હતો. વધુમાં તેમણે સરકારની વનીકરણની વિવિધ યોજનાઓ વિસે પણ વિસ્તૃત સમજ આપી હતી. આ પ્રસંગે ડીસા ધારાસભ્ય શશીકાંત પંડ્યાએ એક વૃક્ષ માનવ જીવન માટે કેટલુ ઉપયોગી છે ? તેની દાખલા દલીલો સાથે સમજ આપી રોપેલા દરેક વૃક્ષનું આપણે જીવની જેમ જતન કરીએ તેમ જણાવ્યું હતું. તમામની હાજરીમાં શાંતિ વન ખાતે આજે ૩૦૦ વૃક્ષ વાવવામાં આવ્યા હતા.

મોડાસામાં રઝળતા ઢોરની ઈતરડીથી કોંગો ફીવરનો મંડરાતો મોટો ખતરો

મોડાસા, તા. ૧૨

હાલ સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં કોંગો ફીવર નામની મહામારી બીમારીએ હાહાકાર મચાવ્યો છે. અરવલ્લી જીલ્લાના મોડાસા શહેર

સહીત શહેરી વિસ્તારોમાં રઝળતા ઢોરની ચામડી પર જોવા મળતી ઈતરડી નામની જીવાતથી જીલ્લામાં કોંગો ફીવર નામની બીમારીને પગપેસારો તેમજ ફેલાવી શકે છે. તદઉપરાંત સૌરાષ્ટ્રની કોંગો ફીવરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ પરત ફરેલા અરવલ્લી જીલ્લા વાસીઓનું આરોગ્ય વિભાગ દ્વારા સ્ક્રીનિંગ કરવામાં આવે તે ખુબ જરૂરી બન્યું છે. મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા નગરના રહેણાંક વિસ્તારોમાં રખડતા ઢોરને પાંજરે પુરાવા અને પશુપાલન તંત્રની મદદ લઈ ડી.ટીકીંગ કરવા જોઈએ જેથી શહેરીજનો કોંગો ફીવરથી બચાવી શકાય.

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા એક ગ્રામ્ય વિસ્તારમાં કાંગો ફીવર શંકાસ્પદ કેશ હોવાની વિગતો આરોગ્ય વિભાગ સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી. બીજીબાજુ આરોગ્ય અધિકારી મક્કમતાપૂર્વક જીલ્લામાં એક પણ કેશ શંકાસ્પદ કોંગો ફિવરનો ન હોવાનું જણાવ્યું હતું.

જીલ્લા પશુપાલન વિભાગ તંત્ર દ્વારા શહેરી વિસ્તારમાં રખડતા ઢોર અને ગ્રામ્ય વિસ્તારમાં રહેલા પશુપાલકોને પોતાના પાલતુ પશુઓમાં ડી.ટીકીંગ કરાવી લેવામાં સૂચના અપાવી જોઈએ તથા પશુપાલકોમાં જનજાગૃતિ કેળવવા દૂધમંડળીઓનો સહયોગથી માહિતગાર કરવામાં આવે તે ખુબ જરૂરી બન્યું છે.

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેર સહીત બાયડ, ભિલોડા, ધનસુરા, મેઘરજ, માલપુર પંથકમાં રખડતા પશુઓની સમસ્યાએ માજા મૂકી છે. આ પશુઓ જાહેર રસ્તા પર અને રહેણાંક વિસ્તારોમાં અડિંગો જમાવી દે છે અને ભૂરાંટા બની ગમે તે રાહદારી કે વાહનચાલકને અડફેટે લેતા જેના લીધે અકસ્માતનો ભોગ બનતા ઈજાગ્રસ્ત બન્યાની અને મૃત્યુ પામ્યાની ઘટનાઓની નવાઈ નથી ત્યારે રોજિંદા જનજીવનને બાધિત કરતા રખડતા પશુના પ્રશ્ને તંત્રની ઘોર બેદરકારી અને નઘરોળ તંત્રના આંખ મિચામણાનો ભોગ લોકો બની રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોથી રાજ્યમાં કોંગો ફિવરે દેખા દેવાની સાથે કેટલાય લોકો અને આરોગ્યલક્ષી સેવાઓ સાથે સંકળાયેલ તબીબ અને કર્મચારીને ભરખી જનાર કોંગો ફિવરે સુરેન્દ્રનગર જીલ્લા સહીત સૌરાષ્ટ્ર પંથકમાં માથું ઉચકાતા અને ગમે તે ઘડીએ રાજ્યના ભરડામાં લઈ શકે તેવી દહેશત પેદા થતા રખડતા પશુઓને પાંજરે પુરાવા માંગ પ્રબળ બની છે.